ચોરાસી વૈષ્ણવ ના

લીલા ભાવના સ્વરૂપ

સહિત નું

ધોળ પદ

કાકા વલ્લભજી કૃત

શ્રી ગોવર્ધન નાથ કી જય

શ્યામ સુંદર શ્રી યમુને મહારાણી કી જય

ચોરયાસી વૈષ્ણવ નું ત્રણ જન્મ નું ધોળ કાકા વલ્લભજી કૃત

શ્રી વલ્લભપ્રભુ ની ચરણ રજ ને નમું નિત્ય ધરી માન / ચિંતા ચિત થી સહુ ટળે. ને મિટે ઉર અગ્નાન //૧ //

શ્રી વિઠ્ઠલપ્રભુ પદ પરસ રજ વંદુ નિત્ય ધરી નેમ / દુઃખ હરન સુખ શ્રી નિધિ . વરદાયક ભક્તિ પ્રેમ //૨//

શ્રી આચાર્ય મહાપ્રભુ ના ચોરાસી જે ભક્ત / તેહના ગુણ હું વર્ણવું . જુગ માહે જાણે જગત //૩//

તેમના મૂળ સ્વરૂપ નું કરું નામ તે વિખ્યાત / સાંભળતા સુખ અતિ ઘણું પ્રભુ પ્રસન્ન હોય સાક્ષાત //૪ //

૧. દામોદર હરસાની રે . લલિતાજી નું પ્રાગટ્ય જાણી રે .

૨. કૃષ્ણદાસ મેઘન વળી કહિયે રે . વિશાખાજી નું પ્રાગટ્ય લહીએ રે .

તે હરી ભક્ત ના ગુણ ગાશે રે . તેહનો જન્મ કૃતાર્થ થાશે રે .

૩. સાંભરવાળા દમોદરદાસ રે . કુંજ રચના માં ચિત્ર હુલાસ રે

એ કહીયે ગ્નાતી માં ક્ષત્રિય રે . હતી દાસી વિદૂરજી ની સ્ત્રી રે.

૪. પદ્મનાભદાસ ભર પૂર રે . કોટિ માં વિરલા શૂર રે .

ચંપકલતા સખી તે કહીયે રે . મણિકુંડલા તે તુલશા કહીયે રે .

વધુ સુતની કહીએ પાર્વતી રે . રૂપવિલાસની રૂપવંતી રે .

રઘુનાથદાસ સૂત નામ રે . સખી તે ગુણ અભિરામ રે .

૫. રજોબાઇ વૈષ્ણવ ક્ષત્રાની રે . લલિતજી ની દાસી જાણી રે .

રતિકાલા સખી નું નામ રે . શ્રી મહાપ્રભુજી સેવ્યા નું કામ રે .

૬. શેઠપુરષોતમદાસ કહીએ રે . ઇંદુલેખા નું પ્રાગટ લહીએ રે .

સખી મોદીની તેની જાણી રે . પુત્રી રુક્ષમણિ તે વખાણી રે .

શેઠ સૂત ગોપાલદાસ રે . સખી ગાનકળા નો હુલાસ રે .

૭. રામદાસ દ્વિજ સારસ્વત રે . સખી પ્રેમ મંજરી રસ મત રે .

૮. ગદાધરદાસ કપિલ સારસ્વત રે . ગામ કડા માહે રહેતા એક વ્રત રે .

યૂથ કુમારિકા માં નામ રે . સખી કલકંઠી શુભ ગ્રામ રે .

વેણિદાસ તે ક્ષત્રી કહીએ રે . બેલ નંદરાયજી ના લહીએ રે .

૯. માધવદાસ તેમના ભ્રાતા રે . સખી રત્નપ્રભા સાક્ષાત રે .

૧૦. હરિવંશ પાઠક સુખ દાય રે . ગતિઉતાલિકા નામ કહીએ રે .

૧૧. ગોવિંદદાસ ભલ્લા તમ આવેશા રે . નંદરાયજીના ઘરના ભેસા રે .

૧૨. કાડા માહે આમ્મા ક્ષત્રાની રે . લીલા માં રોહીણિજી જાણી રે .

૧૩. ગજ્જનધાવન ક્ષત્રી કહીએ રે . તેનું નામ શુભાનના લહીએ રે .

૧૪. બ્રહ્મચારી નારાયણદાસ રે . મહાવન મા તેનો નિવાસ રે .

૧૫. ક્ષત્રાની મહાવન મા રહેતા રે . સખી નામ તે ભદ્રા કહેતા રે .

૧૬. જીયાદાસ શુરીલો ક્ષત્રી રે . સખી નામ તે શ્યામાવતી રે .

૧૭. વૈષ્ણવ ક્ષત્રી તે દેવાકપુર રે . સખી નામ તે પ્રવિણા પૂર રે .

સ્ત્રી તેની તે સેવાશીલિ રે . સખી નામ તેનું રશિલિ રે .

૧૮. દિનકર શેઠ શ્રવણ રશિલા રે . સખી મનઆતુરી નામ તે લીલા રે .

૧૯. ધરાનંદ તે દિનકરદાસ રે . ધ્રુવનંદ તે મુકુંદદાસ રે .

૨૦. ક્ષત્રી પ્રભુદાસ જલોટા રે . સખી નામ તે મન્મથમોદા રે .

૨૧. સિહનંદ ભાટ પ્રભુદાસ રે . સખી કલહંસી સાક્ષાત રે .

૨૨. પુરષોતમદાસ તે ક્ષત્રી રે . વળી વૈષ્ણવ તેમની સ્ત્રી રે .

પુરુષ નામ તે માધવી કહીએ રે . સખી સ્ત્રી માલતી લહીએ રે .

૨૩. ત્રિપુરદાસ વૈષ્ણવ કાયસ્થ રે . સખી નામ તે હરણી પ્રહસ્થ રે .

૨૪. પૂરણમલ અંબાલા વાસ રે . સખી ચિત્રલેખા સુખ રાસ રે .

૨૫. જાદવેન્દ્રદાસ પ્રજા પ્રત્ય રે . ગયા નામ તે મદોનમત રે .

૨૬. ગુસાઈદાસ મથુરા ના વાસી રે . સુવા ગોવિંદ કુંડ નિવાસી રે .

૨૭. માધવ ભટ્ટ કાશ્મીરી કહીએ રે . નામ રત્ના કુમારિકા મા લહીએ રે .

૨૮. વાંસવડ ના ગોપાલદાસ રે . રાસ પ્રકાસિકા નામ હુલાસ રે .

૨૯. પદ્મરાવલ ઉજ્જેન ના કહીએ રે . રાજલીલા દ્વારકા મા લહીએ રે .

શ્રી રૂક્ષમણિ ની ખવાસી રે . સખી નામ વિમલા હુલાસી રે .

૩૦. વૈષ્ણવ જોષીપુરષોતમ જેહ રે. ગુણ ચુડા સખી નામ તેહ રે .

સ્ત્રી વૈષ્ણવ એમની કહીએ રે . દુર્વાસખી નામ તે લહીએ રે .

૩૧. જગન્નાંથ જોષી વળી કહીએ રે . સખી નામ સૌરભિ લહીએ રે .

સખી છબીસીધી તેહ ની માતા રે . ગંધરેખા તે નરહર ભ્રાતા રે .

૩૨. રાણાવ્યાસ ગોધરા ગામ રે . નગરવેલી સખી નું નામ રે .

૩૩. સંચોરા રામદાસજી જાણો રે . લીલા માં એ શુભગા મન આણે રે .

સ્ત્રી વૈષ્ણવ એમની કહીએ રે . સખી સુભદ્રા નામ કહીએ રે .

૩૪. ગોવિંદદુબે બડાલી ના કહીએ રે . નામ મધ્યા દ્વારકા માં લહીએ રે .

૩૫. રાજાદુબે માધોદુબે કહીએ રે . લલિતાજી ની સખી ઓ કહીએ રે .

રાજાદુબે કુંજલતા નામ રે . માધોદુબે રસાલિકા નામ રે .

૩૬. ઉત્તમસ્લોકદાસ સેવા ભારી રે . સખી શુશિલા નામ નિરધારી રે .

૩૭. ઈશ્વરદુબે વળી કહીએ રે . સખી નામ તે મેના લહીએ રે .

૩૮. વૈષ્ણવ છકડા વસુદેવદાસ રે. સિહનંદ માં તેમનો વાસ રે .

સખા નંદરાયજીના કહીએ રે . મનસુખા ગોપ તે લહીએ રે .

૩૯. બાબાવેણુ સખી સુરસેની રે . કૃષણદાસ કામલતા તેહાનિ રે.

જાદવદાસ ખવાસ કહીએ રે . સખી નામ તિલકની લહીએ રે .

૪૦. થાનેશ્વર વિપ્ર જગતાનંદ રે . સખી માધુરી મન આનંદ રે .

૪૧. આનંદદાસ નાગરી કહીએ રે . વિશ્વંભરદાસ માલકલા કહીએ રે .

૪૨. બ્રાહ્મનિ એક અડેલ માં રહેતા રે . સખી શશિકલા સહુ કહેતા રે .

૪૩. વૈષ્ણવ ક્ષત્રાણી એક બાઈ રે . સખી નામ તે લીલા ગાઈ રે .

૪૪. ક્ષત્રાણી ગોરજા સમરાય રે. સાસુ વહુ ને સદા સુખ દાય રે .

સખી નંદા તે ગોરજા કહીએ રે . સમરાય તે વૃંદા લાહીએ રે .

૪૫. કૃષ્ણદાસી ખવાસણી જાણી રે . સખી વ્રજમંગલા વખાણી રે .

૪૬. બુલામિશ્રા લાહોર ના કહીએ રે . સખી નામ તે શુમંદિરા લહીએ રે .

૪૭. રામદાસ મિરા ના પુરોહિત રે . સખી કંદર્પાં નામ સહિત રે

૪૮. વૈષ્ણવ રામદાસ ચૌહાણ રે . સખી મધુએની પ્રમાણ રે .

૪૯. રામનન્દ પંડિત થાનેશ્વર ના રે . કુંજ લીલા માં એ તમચર રે .

૫૦. વિષ્ણુદાસ છિપા પારસ મ્ંગ્ન રે . સખી પ્ર્ભુમાં લગ્ન રે .

૫૧. ક્ષત્રિ જીવનદાસ કપૂર રે . સખી ઇશ્વરી અતિ સુખ પૂર રે .

૫૨. સારસ્વત દ્વિજ ભગવનદાસ રે . સખી શુગંધરા નો સુવાસ રે .

૫૩. ભગવનદાસ ભીતરિયા કહીએ રે . સખી નામ શુંદરી લહીએ રે .

૫૪. અચ્યુતદાસ સનોઢિયા કહીએ રે . સખી મધુરા નામ તે લહીએ ર .

૫૫. અચ્યુતદાસ તે ગોડ બ્રાહ્મણ રે . સખી મોહિની નામ તે જાણો રે .

૫૬. અચ્યુતદાસ તે કડાના કહીએ રે . સખી નામ તે રસાત્મિકા કહીએ રે .

૫૭. નારણદાસ અંબાલા ના વાસી રે . સખી નામ વ્રજવિલાસી રે .

૫૮. નારણદાસ ભાટ મથુરા ના રે . તેતો બંદર ગોકુળ માંના રે .

૫૯. નારણદાસ લવાણા ઠઠા માં રે . સખી કેતકી નામ ધાટા માં રે .

૬૦. ક્ષત્રાણી સિહનંદ માં રહેતા રે . સખી સુનંદા નામ કહેતા રે .

૬૧. દમોદરદાસ ની માતા રે . વિરબાઈ નામ વિખ્યાત રે .

લીલા માંહે પુલિંદીજી કહીએ રે . વનદેવી તે તો લહીએ રે .

૬૨. સ્ત્રી પુરુષ સિહનંદ ના કહીએ રે . વિશાખાજી ની સખીઓ લહીએ રે .

રંગા નામ તે પુરુષ જાણો રે . હંસા નામ તે સ્ત્રી વખાણો રે .

૬૩. શ્યામદાસ સુથાર આડેલ માં રહેતા રે . સખા નામ સુદામા કહેતા રે .

૬૪. ક્ષત્રી અન્યમાર્ગી નો સ્નેહી રે . સખી મોહિની નામતો તે લહીએ રે .

૬૫. કવિ લધુ પુરષોતમ કહીએ રે . નંદરાય તણા ભાટ લહીએ રે .

ઉમાશંકર તેનું નામ રે . જસ વર્ણવ્યા નું તેનું કામ રે .

૬૬. કવિરાજ ભાટ મથુરા ના રે . શાંડિલ્ય મુનિ નામ પૂરના રે .

૬૭. ગોપદસ ઇટોળા ના ક્ષત્રી રે . સંગીત કલા ગુણ બત્રીસ રે .

૬૮. જર્ન્નર્દનદાસ ક્ષત્રી કહીએ રે . સખી કૃષ્ણાવતી નામ લહીએ રે .

૬૯. ગડુ સ્વામિ બ્રાહ્મણ વ્રંદાવન માં રે . સખી બંદી નામ આનંદ માં રે .

૭૦. કનૈયાસાલ ક્ષત્રી જેહ રે . આગ્રાના વાસી તેહ રે .

સખી લલિતાજી ની કહીએ રે . સખી કુમુદિની નામ લહીએ રે .

૭૧. વિપ્ર ગોડિયા નર હરિદાસ રે . શૂગંધરા સખી નો સુવાસ રે .

૭૨. નરહર સન્યાસી વળી કહીએ રે . સખી નામ ગુલાબી કહીએ રે .

વળી ભાઇ માણેકચંદ કહીએ રે . મધુ મંગલા નામ તે લહીએ રે .

૭૩. સદુપાંડે ની વધુ ભવાની રે . બેટી નરો ધણી મન માની રે .

જશોદાજી ની નણદી કહીએ રે . બેટી રામદે શ્યામદે લહીએ રે .

૭૪. ગોપાલદાસ કહીએ જટાધારી રે . સખી સુભદ્રા નિરધારી રે .

૭૫. કૃષ્ણદાસ ને તેની સ્ત્રી આનંદા રે . સખી નામ તે નંદા સુમાંદા રે .

૭૬. સંતદાસ તે ચોપડા ક્ષત્રી રે . સખી ચંદ્રિકા નામ પ્રશસ્તી રે .

૭૭. સુંદરદાસ સખી નામ શીલા રે. માધવદાસ સખી નામ નીલા રે .

૭૮. પટેલ માવજી વિરજો કહીએ રે . સખી રૂપા ને હરખા કહીએ રે .

૭૯. ગોપાલદાસ નરોડા ના વાસી રે . જસવંત નંદ ના ખવાસ રે .

૮૦. બાલકૃષ્ણ બાદરાયણ ધરા રે . સ્ત્રી સહિત મોરબી માં વાસ રે .

શ્રુતિરૂપા સખી નામ કહીએ રે . સ્ત્રી નામ તે ગંગા કહીએ રે .

૮૧. સૂરદાસ તે સાગર સૂર રે . ગાયા ગિરિધારી ગુણ ભરપૂર રે .

સખા કૃષ્ણ નું પ્રાગટ્ય કહીએ રે . સખી ચંપકલતા તે લહીએ રે .

૮૨. સાગર વળી પરમાનંદદાસ રે . બાલ લીલા માં ગ્નાન હુલાસ રે .

સખા તોક નું પ્રાગટય કહીએ રે . સખી ચંદ્રભાગા કહીએ રે .

૮૩. કુંભનદાસ કંદ રસ મસ્ત રે . શ્રીજી ના સવરૂપ માં આસકત રે .

સખા અર્જુન તે તો કહીએ રે . વિશાખાજી નું પ્રાગટ લહીએ રે .

સુત કૃષ્ણદાસ દ્રઢ પૂરા રે . ગોવ સેવા માં અતિ શુરા રે .

લીલા માં તે ગોપ સાક્ષાત રે . ગાયો ની સેવા માં વિખ્યાત રે .

૮૪. અધિકારી તે કૃષ્ણદાસ રે . રાસ લીલા માં તેમનો અભિયાસ રે .

સખા રુષભ નામ તે કહીએ રે . લલિતાજી નું પ્રાગટય લહીએ રે .

વલણ

ચોરાસી ચિત લાવી ને . કરે પાઠ નિત્ય ધરી નેમ . પુષ્ટિ પ્રભુ પ્રાશન્ન થાયે . રુદયે બાઢે પ્રેમ . (૧)

કૃપા શ્રી હરિરાયજીયે કરી . દિન જાણી દાસ . મુલ ચોરાશી ભક્ત ના . તે નામ કર્યા પ્રકાશ . (૨)

શ્રી આચાર્ય મહાપ્રભુજી ના . અંગ દ્વાદશ જેહ . ધર્મ સાથે ધર્મી કહીએ . સપ્ત દ્વાદશ તેહ . (૩)

ચોરાસી વ્રજ કોસ માટે . ચોરાસી એ ભક્ત . પ્રેમ લક્ષણા પૂરે પૂરી . શ્રી વલ્લભ પદ આસ્ક્ત . (૪)

એ વૈષ્ણવ પદ કમળ રજ . રતિ તણી છે અતિ આસ . ગાયે ગુણ હરિદાસ ના પદ રજ શ્રીવલ્લભદાસ (૫)

(ઈતિ ચોરાસી વૈષ્ણવ ના લીલા ભાવના સ્વરૂપ સહિત નું ધોળપદ સમાપ્ત)

- હસ્ત લિખિત માથી કૌમ્પુટર માં લખાણ કરેલ છે

<u>સર્વે વૈષ્ણવ ને જય શ્રી કૃષ્ણ</u>